૨૩૨૫૪૩૭૭ (નિયામક)
૨૩૨૫૪૪૧૧ (સંયુક્ત નિયામક)
૨૩૨૫૬૩૫૯ (હિસાબી અધિકારી)
૨૩૨૫૪૯૯૪ (ટી.સી.બ્રાંચ)
ફેક્સ નં. (૦૭૯) ૨૩૨૫૯૭૬૦

હિસાબ અને તિજોરી નિયામકની કચેરી,
ગુજરાત રાજ્ય
વિમા અને લેખા ભવન બ્લોક નં.૧૭,ડોજીવરાજ મહેતા ભવન.,ગાંધીનગર ૩૮૨૦૧૦
E mail address:-supt-tc-dat@gujarat.gov.in

હિતિનિ/ટીસી/ફા.નં.૧૩૪/૫૩/૨૬૯/૨૦૧૪/૩૧૦૩ - ૩૬ તા.૧૩/૫/૨૦૧૫

**વિષય:- રીવાઈઝ પેન્શનમા સીવીપીની ચુકવણી/ઘટાડેલ પેન્શનના અમલ અંગે સ્પષ્ટતા**

પરિપત્ર નં.૦૧/૨૦૧૫

આથી તમામ તિજોરી અધિકારીશ્રીઓનુ ધ્યાન દોરતા જણાવવાનુ કે તા.૧૧/3/૨૦૧૫ ની તમામ તિજોરી અધિકારીઓની મળેલ બેઠકમા થયેલ ચર્ચા અનુસાર કેટલીક તિજોરી કચેરીઓમા પેન્શનરોને ચુકવવામા આવતા રીવાઈઝ પેન્શનમા રૂપાંતરીત રકમની ચુકવણીમા ઘટાડેલ પેન્શનનો અમલ પેન્શન ચુકવણીની મુળ તારીખથી કરવામા આવતા કેટલાક પેન્શનરોના કિસ્સામા વસુલાતના પ્રશ્નો ઉદભવે છે.આથી રાજ્યની તમામ તિજોરીઓ ખાતે રીવાઈઝ પેન્શનની ચુકવણીમા એકસુત્રતા જળવાય તે માટે નીચે મુજબની સુચનાઓ પાઠવવામા આવે છે.જેનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

- પાંચમા પગારપંચ અન્વયે તા.૧/૧/૧૯૯૬ પછી નિવૃત્ત થયેલ પેન્શનરોના કિસ્સામા જે પેન્શનરોને અગાઉ 33% મુજબ કોમ્યુટેશન ચુકવાયેલ હોય અને ૪૦% રીવાઈઝ કોમ્યુટેશન ચુકવવાનુ થતુ હોય ત્યારે રીવાઈઝ કોમ્યુટેશન મુજબની દરની કપાત કઈ તારીખથી કરવી તે અંગે નાણા વિભાગના તા.૨૮/3/2000 ના પત્રથી (નકલ સામેલ છે) થયેલ સ્પષ્ટતા મુજબ મુળ પેન્શન જે તારીખે ચુકવાયેલ હોય તે તારીખથી એટલે કે 33% પ્રમાણે ચુકવણુ કરેલ હોય તે તારીખથી જ ૪0% મુડીકૃત રકમ જે તે સમય એટલે કે પ્રથમ ચુકવણીની તારીખથી સરભર કરવાની રહેશે.એટલે કે ૪0% મુજબ સુધારેલ પેન્શન અન્વયે પેન્શન ઘટાડાનો અમલ પ્રથમ મુડીકૃત પેન્શનની મુળ ચુકવણાની તારીખથી કરવાનો રહે છે.તા.૧/૧/૧૯૯૬ પછી પ્રથમ વખત કોમ્યુટેશન પેન્શન ચુકવણુ થયેલ હોય તે તારીખથી જ ૧૫ વર્ષ પુરા થતા પેન્શનનુ પુન:સ્થાપન કરવાનુ રહેશે.***આ સુચના ફક્ત ૪0% રીવાઈઝ કોમ્યુટેશન પુરતી હતી.જેથી ઉપર જણાવેલ વિગતના કિસ્સાઓમા મુડીકૃત રૂપાંતરની રકમના ચુકવણા તારીખ (ઘટાડેલ પેન્શન અમલની તારીખ) મુજબ પેન્શનનુ પુન:સ્થાપન કરવાનુ રહે છે.***
- નાણા વિભાગના તા.૨૦/3/૧૯૯૫ ના ઠરાવ નં.નવત/૧૦૯૫/૧૩૮/૫, ગુજરાત મુલ્કી સેવા નિયમો ૨૦૦૨ ના નિયમ ૯૮ અને ૧03 નાણા વિભાગના તા.૧/૧૦/૨૦૧૧ ના પત્રથી (નકલ સામેલ છે) કરેલ સ્પષ્ટતા મુજબ રીવાઈઝ પેન્શનમા ઘટાડેલ પેન્શનનો અમલ રીવાઈઝ પેન્શન ચુકવ્યા તારીખના પછીના માસની પહેલી તારીખથી અથવા ડીપીપી કચેરી/પેન્શન અધિકૃત કરનાર કચેરીના રીવાઈઝ પેન્શન અધિકારપત્ર ઈસ્યુ થયાના ત્રણ માસના અંત પછીના માસની પહેલી તારીખથી ,બે માથી જે વહેલુ હોય તે તારીખથી કરવાનો રહેશે.આવી રીતે અલગ અલગ ચુકવાયેલ રીવાઈઝ કોમ્યુટેશનનુ (ઘટાડેલ પેન્શન) પુન:સ્થાપન પણ તેના ચુકવણીના ૧૫ વર્ષ બાદ અલગ અલગ તબક્કાવાર કરવાનુ

રહેશે.જે માટે તિજોરી કક્ષાએ નીચે મુજબનુ પત્રક તૈયાર કરી પેન્શનરના પેન્શન કેસ અથવા લેજર સાથે રાખવાનુ રહેશે.

| Pension Details | Basic Pension | Commuted pension | Reduced Pension | Paid date | Restoration date (cvp) | Restoration done (yes/no) |
|---|---|---|---|---|---|---|
| Original pension | | | | | | |
| 1st revised pension | | | | | | |
| 2nd revised pension | | | | | | |
| 3rd revised pension | | | | | | |
| 4th revised pension | | | | | | |
| | | | | | | |
| | | | | | | |

- પેન્શનનુ પુન:સ્થાપન નાણા વિભાગના તાં.૨/૧૧/૨૦૧૦ ના ઠરાવ અન્વયે પેન્શનરની અરજી વગર આપોઆપ તિજોરી કક્ષાએથીજ કરવાની જોગવાઈ છે.પરંતુ કેટલા તિજોરી અધિકારીઓ દ્વારા પેન્શન. પુન:સ્થાપનની જાણ પેન્શનરને કરવામા નહી આવતી હોવાની રજુઆતો મળે છે.આથી IFMS પ્રોગ્રામમા CVP Restoration Report દર માસે મેળવી તેમા દર્શાવેલ પેન્શન પુન:સ્થાપનની તારીખ પેન્શનરના પીપીઓ/લેજરમા નોંધેલ તારીખ, IFMS પ્રોગ્રામમા pension case tracking report >pension detail>revise case મા પેન્શનરનુ પેન્શન કેટલીવાર રીવાઈઝ થયેલ છે?તેની ચુકવણી ક્યારે થયેલ છે?ક્યા દરે થયેલ છે? તેની વિગતો ઉપલબ્ધ છે જ .તેમા દરેક રીવીઝનની નોંધ કરવા અને તે નોંધ ચકાસી સી.વી.પી.નુ પુન:સ્થાપન કરવા જણાવવામા આવે છે. પેન્શન પુન:સ્થાપનના હુકમની નકલ પેન્શનરના સરનામે મોકલવાની રહેશે.પેન્શન પુન:સ્થાપનની ફરિયાદો ઉપસ્થિત ન થાય તેની કાળજી રાખવાની રહેશે.

બિડાણ:-ઉપર મુજબ

સંયુક્ત નિયામક

પ્રતિ,

શ્રેયાન/જીલ્લા/તિજોરી અધિકારીશ્રી ..................................

નકલ રવાના:-

- નિધિ નિરીક્ષણ અધિકારીશ્રી (પેન્શન),હિ.તિ.નિ.કચેરી,ગાંધીનગર તરફ જાણ અર્થે
- પસંદગી ફાઈલ

સત્યમેવ જયતે

ક્રમાંક-પરચ/૧૦૨૦૧૧/ડી-૨૯૩/પી.
ગુજરાત સરકાર,
નાણા વિભાગ,સચિવાલય,
ગાંધીનગર.
તા.૦૬/૧૦/૨૦૧૧

પ્રતિ,
નિયામકશ્રી,
હિસાબ અને તિજોરી,
જુના સચિવાલય, ગાંધીનગર.

**વિષય:-** સી.વી.પી.ની રકમની કપાતની તારીખ નકકી કરવા બાબત.

શ્રીમાન,

ઉપર્યુકત વિષયનો આપનો તા. ૨૫/૦૮/૨૦૧૧નો પત્ર ક્રમાંક-હિતિનિ/ટીસી/ફા-૧૩૪/૨૦૦૨/૫૬૬૮ના પત્રના અનુસંધાને અત્રેથી નીચે મુજબની કાર્યવાહી કરવા વિનંતી છે.

૧) વર્ષ ૨૦૦૧માં શ્રી પ્રવિનકુમાર. બી. સેવકનો પી.પી.ઓ પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ દવારા રવાના થયા બાદ કામચલાઉ પેન્શન પર (ખાતાકીય તપાસ હેઠળ) ઉતારવામાં આવતા ફોર્મ - ૨૨ રવાના કરવામાં આવેલ ન હતું. પરિણામે સ્વાભાવિક રીતે જ સી.વી.પી.ની ચુકવણી કરવામાં આવેલ ન હોય.તેથી સ્થાયી સુચના મુજબ ખરેખર સી.વી.પી.ની રકમ પેન્શનરને ચુકવાયા બાદ જ પેન્શનમાંથી માસિક કપાત શરૂ કરવાની રહે છે.

૨) શ્રી સેવકના નિયમિત પેન્શનમાંથી એક સાથે કરવામાં આવેલ સી.વી.પી.ના હપ્તાની વસુલાતની રકમ નિયમોનુસાર પરત કરવાની રહેશે.

૩) શ્રી સેવકનાં કેસમાં આખરી ચુકવણા સમયે કામચલાઉ ગ્રેજયુઇટીની અગાઉ કરવામાં આવેલ ચુકવણી બાબતે પણ ખાતરી કરી લેવાની રહેશે.

૪) હવે પછી આવા સમાન પ્રકારના તમામ કિસ્સાઓમાં કામચલાઉ પેન્શન ચુકવણી સમયે અસલ પી.પી.ઓ રદબાતલ કરવા માટે, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડને/સ્થાનિક ભંડોળ હિસાબને જે તે જિલ્લા તિજોરી અધિકારી/પી.પી.ઓ અમદાવાદ દ્વારા દરખાસ્ત કરી દેવાની રહેશે.

૫) કામચલાઉ પેન્શન ચુકવણાની દરખાસ્ત મળ્યે એ બાબતની ખાતરી કરવાની રહેશે કે DPPF/L.F દવારા પી.પી.ઓ રવાના કરવામાં આવેલ છે કે કેમ? જો હા તો ઉપરોકત સુચના મુજબ રદબાતલ કરાવવો. આમ તમામ સાધનિક બાબતો ચકાસીને યોગ્ય કરવા વિનંતી છે.

૬) ઉપરોકત સુચનાઓ તમામ જિલ્લા તિજોરી અધિકારી/પી.પી.ઓ. અમદાવાદ તથા સબંધિતોને પરિપત્રિત કરવી.

૭) કરાયેલ કાર્યવાહીની જાણ પણ અત્રે કરવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

(કે.બી.દાણી)
ઉપ સચિવ(પેન્શન)
નાણા વિભાગ

**નકલ જાણ અર્થે રવાના:-**
નિયામકશ્રી,
પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ,
જુના સચિવાલય, ગાંધીનગર.

ક્રમાંક: પરચ-૧૦૯૮-૪૪૬-પી.

Government of Gujarat
Finance Department
Sachivalaya complax, Sardar Bhavan,
Block- 4, Gandhinagar- 382010
ગુજરાત સરકાર,
નાણા વિભાગ,
સચિવાલય સંકુલ, સરદાર ભવન,
બ્લોક નં.૪, ગાંધીનગર-૩૮૨૦૧૦

શામજી પટેલ,
સંયુકત સચિવ (તિજોરી)

તારીખ: ૧૩-૩-૨૦૦૦

2 8 MAR 2000

<u>સમય-મર્યાદિત</u>

પ્રતિ,
શ્રી સી. એમ. શાહ,
નિયામકશ્રી, હિસાબ અને તિજોરી,
મેઘાણીનગર, અમદાવાદ.

વિષય:- કોમ્યુટેડ પેન્શનનું રીવીઝન ચુકવવા બાબત

શ્રીમાન,

ઉપયુકત વિષય પરત્વેના આપના તા: ૧૭-૭-૯૮ ના પત્ર ક્રમાંક: હિતિનિ-ટીસી-ફા. ૧૩૪- અમરેલી-૪૫૨૩ અને તા: ૧૬-૨-૨૦૦૦ના પત્ર ક્રમાંક: હિતિનિ-ટીસી-ફાય ૧૩૪- પેન્શનનું મુડીકૃત રૂપાંતર -૫૯૦ અન્વયે નીચે મુજબ સ્પષ્ટતા કરવામાં આવે છે. તે મુજબ કાર્યવાહી કરવા વિનંતી છે.

નાણા વિભાગના તા: ૨૦-૧-૯૮ ના ઠરાવ ક્રમાંક: પીજીઆર-૧૦૯૮-૭ એમથી તા: ૧-૧-૯૬ કે ત્યારબાદ નિવૃત થનાર પેન્શનરોને પેન્શન સુધારણા કરવાનું ઠરાવેલ છે, જેના ફકરા નં: ૭ માં મુડીકૃત રૂપાંતરના દરમાં ૧/૩ ને બદલે ૪૦ % નો દર નકકી કરવામાં આવેલ. આ બાબતે આપની કચેરી ધ્વારા કરેલ દરખાસ્તથી નાણા વિભાગના તા: ૨૦-૩-૯૫ ના ઠરાવ ક્રમાંક: નવત-૧૦૯૫-૧૩૮૫ ની જોગવાઇ અન્વયે સુધારેલ પેન્શનનું ઘટાડેલા દરે કયારથી ચુકવણું કરવું તથા મુડીકૃત રૂપાંતરની રકમનું પુન: સ્થાપન માટે કયારથી ૧૫ વર્ષ ગણવા તે અંગે માર્ગદર્શન માંગવામાં આવેલ હતું. આ અંગે પુખ્ત વિચારણાને અંતે નીચે જણાવ્યા મુજબની કાર્યપધ્ધતિ અનુસાર કાર્યવાહી કરવા સુચનાનુસાર સુચના આપવામાં આવે છે.

...૨...

રાજ્ય સરકાર દ્વારા ભારત સરકારના પાંચમાં પગાર પંચની ભલામણો [illegible]રેલ હોઈ હાલમાં ભારત સરકાર દ્વારા ૪૦ ટકા કોમ્યુટેશન કેવી રીતે ચુકવવું તે [illegible] સ્પષ્ટતાઓ ભારત સરકારના તાઃ ૪-૯-૯૮ નાં ઓફિસ મેમોરેન્ડમ નં: ૪૫-૭-[illegible]પી એન્ડ પી. ડબલ્યુ (જી) થી બહાર પાડવામાં આવેલ છે.

(૨) પાંચમા પગાર પંચની ભલામણોના કારણે કોમ્પ્યુટેશન પેન્શન ૪૦ ટકા ચુકવવા માટે સરકારે સ્વીકાર કરેલ છે. તેથી મુળ પેન્શન જયારે કોમ્પ્યુટ કર્યુ હોય એટલે કે, જે તે વખતે ૩૩ ટકા પ્રમાણે કર્યુ હોય તે જ તારીખથી ૩૩ ટકાના બદલે ૪૦ ટકા મુડીકૃત રકમ જે તે સમયે એટલે કે પ્રથમ ચુકવણીની તારીખથી સરભર કરવાની રહેશે. એટલે કે ૪૦ ટકા પ્રમાણેની જે સુધારેલ રકમ હોય તેટલી રકમ મુળ પ્રથમ મુડીકૃત પેન્શન જે તારીખે ચુકવેલ હોય તે તારીખથી ઘટાડેલા દરે પેન્શન ચુકવવાનું રહે. બીજા શબ્દોમાં કહીએ તો સુધારેલા દર મુજબનો પેન્શનનાં ઘટાડો મુળ તારીખથી ગણવાનો રહે, આવા કિસ્સામાં તાઃ ૨૦-૩-૯૫ નો ઠરાવ લાગુ ન પડે.

(૩) તાઃ ૧-૧-૯૬ પછી પ્રથમ વખતે કોમ્યુટેશન પેન્શનનું ચુકવણું થયેલ હોય તે તારીખથી જ ૧૫ વર્ષ પુર્ણ થતાં પેન્શનનું પુનઃ સ્થાપન કરવાનું રહેશે.

(૪) જે પેન્શનરો તાઃ ૧-૧-૯૬ કે ત્યારબાદ નિવૃત થયા હોય અને અગાઉ ૧/૩ ભાગનું પેન્શનનું મુડીકૃત રૂપાંતરનો લાભ લીધેલ નથી. તેવા પેન્શનરો પણ જો ૪૦ ટકા પેન્શનનું મુડીકૃત રૂપાંતર કરવા ઇચ્છતા હોય તો તેઓ પેન્શનનું મુડીકૃત રૂપાંતર કરાવી શકે છે. તેઓએ તબીબી તપાસ પ્રમાણપત્ર સાથે નવેસરથી અરજી કરવાની રહેશે. અને તબીબી પ્રમાણપત્રમાં જે ઉંમર દર્શાવેલ હોય તે ઉંમર પ્રમાણેના દર પ્રમાણે મુડીકૃત રૂપાંતરની રકમ ચુકવવાની રહેશે.

(૫) જે પેન્શનરોએ તાઃ ૧-૧-૯૬ બાદ જુના પગાર ધોરણમાં રહેવાનો વિકલ્પ આપેલ હોય અને નિવૃત થયેલ હોય તેવા પેન્શનરોને ઉકત જોગવાઇ પ્રમાણેની નવી અરજી કરવાની રહેશે. અને તેઓને ૪૦ ટકા પેન્શનનું મુડીકૃત રૂપાંતર કરવાનો લાભ આપી શકાશે.

(૬) જે પેન્શનરો તાઃ ૧-૧-૯૬ બાદ નિવૃત થયેલ હોય અને જેઓને નવું પગાર ધોરણ અંગેનો વિકલ્પ આપ્યો હોય પરંતુ નવી અરજી કરે તે પહેલાં મૃત્યુ પામેલ હોય તેવા પેન્શનરોના કુટુંબીજનો ૪૦ ટકા પેન્શનનું મુડીકૃત રૂપાંતર કરી શકશે નહીં.

ઉપરોકત સુચનાઓ તમામ જિલ્લા તિજોરી અધિકારીઓને વિગતે પરિપત્રિત કરવા સુચનાનુસાર વિનંતી છે.

આ પત્રની સ્વીકૃતિ પાઠવશો.

આપનો વિશ્વાસુ,

(શામજી પટેલ)
સંયુકત સચિવ(તિજોરી)
નાણા વિભાગ.

<u>નકલ રવાના :-</u>

પેન્શન અને પ્રો. ફંડ નિયામકશ્રી,
ખાનપુર, અમદાવાદ.

<u>નકલ :-</u>
વિશિષ્ટ ફાઇલ: મદદનીશ ફાઇલ.